CRMA NO.41.26

# મહે.દેવગઢ બારીઆના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, દેવ.બારીઆ,દાહોદ.

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **ભાવસીગ રામાભાઈ પટેલ,**<br>**રહે.ઉચવણ,મોટા ફળીયુ,તા.દેવ.બારીઆ,જી.દાહોદ**<br>**વિરુધ્ધ** |
| **સામાવાળા** | **:** | **ધી સ્ટેટ ઓફ ગુજરાત.** |

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ—૪૯૭ અન્વયે મુદ્દામાલ અરજી લગત હુકમ**

ગુના રજીસ્ટર નંબર: દેવ.બારીઆ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૮૨૧૦૦૫૨૫૧૩૬૨/૨૦૨૫

બી.એન.એસ.કલમ ૩૩૮,૩૧૮(૪),૬૧(૧)(બી) મુજબ

| | | |
|---|---|---|
| **મુદ્દામાલ** | **:** | **HERO SPLENDOR**<br>**REGI.NO.GJ-20-P-0337.**<br>**Chasis No.MBLHA10ALCHE79028.**<br>**ENGINE NO. HA10EJCHE96550.** |

**૧.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ—૪૯૭ અન્વયે હાલની અરજી અરજદાર ઉપરોકત જણાવેલ મુદદામાલ તેમની માલીકનો હોય, ઉપરોકત જણાવેલ ગુના રજીસ્ટર નંબર થી ઉપરોકત મુજબના ગુનાના કામે પોલીસ તપાસ દરમ્યાન મુદદામાલ તરીકે કબજે કરેલ હોય, હાલની ફરિયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય, મુદ્દામાલ જો પોલીસ સ્ટેશનમાં એમ ને એમ પડયો રહે તો તેને નુકશાન થાય તેમ હોય, તેવા સંજોગોમાં તેઓને વચગાળાના ધોરણે મુદ્દામાલ યોગ્ય તે રકમના જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરેલ છે.

**૨.** આ કામમાં અરજદાર તર્ફે વિધ્વાન વકીલશ્રી તેઓની અરજીમાં જણાવેલ કારણો મુજબની રજુઆત કરેલ છે. તેઓ વધુમાં રજુઆત કરે છે કે, સદર મુદામાલ પોલીસ સ્ટેશન પડી રહેવાથી તેના સ્પેરપાર્ટ બગડી જવાનો સંભાવના હોય સદર મુદામાલ નામદાર કોર્ટ યોગ્યતે શરતે

વચગાળાની રાહે મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમા અરજદાર તર્ફે રજુઆત કરવામા આવેલ છે કે સદર મુદામાલ મોટર સાયકલ જે આરોપીની કસ્ટડીમાથી કબજે કરવામા આવેલ તે આરોપી હાલમા વોન્ટેડ હોય પકડાયેલ નથી.

૩. તપાસનીશ અધિકારીનો અહેવાલ મંગાવતા ત. ક.અમલદારશ્રી નાઓએ વિગતવારનો અભિપ્રાય રજુ કરી સદર મુદદામાલ અરજદારને પરત ન સોંપવાનો અભિપ્રાય આપેલ છે. સદર અભિપ્રાયમા જણાવેલ છે કે અરજદાર વર્ષ–૨૦૨૨ મા સદર મોટર સાયકલ ખરીદ કરેલ હતી અને અરજદારની દીકરીના લગ્ન માટે તેઓએ વિમલ સોનીની દૈવિક જવેલર્સ ખાતેથી સોના ચાંદીના દાગીના ખરીદેલા જેમા ૧૪,૦૦૦/– આપવાના બાકી હોય જેથી વિમલ સોનીના દીકરા કૌશલ ઉર્ફે ચીન્ટુ સોનીનાઓએ રૂપિયાની ઉઘરાણી કરી સદર મોટર સાયકલ લઈ લીધેલ છે.

આ તબકકે સદર ગુનાનુ રેકર્ડ વંચાણે લેતા આ કામના તપાસ કરનાર અધિકારી ધ્વારા અન્ય આરોપીના પ્રોડકશન દરમીયાન રજુ કરેલ કેસડાયરી વંચાણે લેતા તેમા આરોપી કૌશલ ઉર્ફે ચીન્ટુ સોનીનાઓ ફરાર હોય તેઓની અટક કરવાની બાકી છે. વધુમા આ કામના તપાસ કરનાર અધિકારીએ મૌખિક રજુઆત કરેલ છે કે આરોપી નાસતા ફરતા હોય જેથી તેઓની અટક થઈ શકેલ નથી. આમ સદર ગુનાના કામે મુદામાલ મોટર સાયકલ જે આરોપીની કસ્ટડીમાથી મળી આવેલ છે તે આરોપી તેઓની અટક ટાળવા સારુ મળી આવતા ન હોય તેવુ હાલના તબકકે જણાય આવતુ હોય સદર કામે સદર આરોપીની નોકલેઈલ પુરસીસ અરજદાર મેળવી શકેલ નથી તેવી દલીલ યોગ્ય જણાય આવે છે.

૪. આ કામે અરજદારે રજુઆત ધ્યાને લીધી. રેકર્ડ પરના તમામ દસ્તાવેજો વંચાણે લેતા, અરજદાર ધ્વારા રજુ કરેલ વાહન આર.સી.બુકની નકલ, આધારકાર્ડની નકલ વંચાણે લેતા હાલના તબકકે ઉપર જણાવેલ મુદામાલ અરજદારને માલકીનો હોવાનુ જણાઈ આવે છે. આ કામમાં મારૂ ધ્યાન નામદાર સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ એમ.બી.શાહ સાહેબ અને માનનીય ન્યાયમુર્તિ શ્રી ડી.એમ. ધર્માધિકારી સાહેબની બેન્ચે આપેલ ચુકાદો ૨૦૦૩ (૧) જી. એલ. એચ. પાના નં. ૩૦૭ માં આપેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા, તેમજ ના.સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ (૧)

રાજેન્દ્રપ્રસાદ વિ. સ્ટેટ ઓફ બીહાર (૨) સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૩) ભરત મહેતા વિ. ઈન્સ્પેકટર ઓફ ચેન્નાઈ તેમજ ના. ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાઓ ધ્યાને લેતા તેમાં એવુ ઠરાવેલ છે કે, દેશની તમામ કોર્ટોના મેજિસ્ટ્રટશ્રી એ મુદ્ધામાલ અથવા અન્ય કિંમતી મુદ્ધામાલ પોલીસ સ્ટેશનમાં નહી રાખવા દેવા અને મુદ્ધામાલની માંગણી તેના માલિક કરે ત્યારે તાત્કાલિક વિના વિલંબે સોપી આપવા હુકમ કરવો જોઈએ. આ સંજોગોમાં હાલનો મુદ્દામાલ પણ પોલીસ સ્ટેશનમાં રાખવુ ન્યાયોચીત જણાતું નથી કે જયારે તેની કસ્ટડી પોતે અરજદાર ધ્વારા માંગવામાં આવેલી હોય તો તેવા સંજોગોમાં વચગાળાના ધોરણે કેટલીક શરતોને આધીન મુદ્દામાલ પરત સોંપવામા આવે તો ન્યાયનો હેતુ જળવાશે. વળી, હાલના કામે રેર્કડ ધ્યાને લેવામાં આવે તો તે સબબ કામની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સદર મુદ્દામાલ ની કોઈ આવશ્યકતા હોય તેવું પણ જણાતું ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવ્યા મુજબના ગુનાના કામે મુદ્દામાલ આ કામના અરજદારે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કર્યેથી **નીચેની શરતોને આધીન** કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી વચગાળાના ધોરણે સોંપી આપવા હુકમ કરવામાં આવે છે.

**-: શરતો :-**

(૧) અરજદારએ મુદ્દામાલ વાહનનો કેસનો ન્યાયીક નિર્ણય ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતને વેચાણ ગીરો કે અન્ય રીતે માલીકી બદલાય તે રીતે તબદીલ કરવું કરાવવું નહીં.

(૨) તપાસ કરનાર અમલદાર અથવા ના. કોર્ટ જયાં અને જયારે મંગાવે ત્યારે સદરહું મુદ્ધામાલ મુળ સ્થિતિમાં રજુ કરવાનો રહેશે અને તપાસના કામે જયારે મુદ્ધામાલ મંગાવવામાં આવે ત્યારે રજુ કરીને તપાસમાં સાથ અને સહકાર આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદારએ મુદ્દામાલ વાહનનો આ પ્રકારના ગુનાહીત કૃત્યો કે અન્ય પ્રકારના ગુનાહીત પ્રવૃતીમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉપયોગ ના થાય તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

(૪) અરજદારાએ આ અદાલત કે અન્ય અદાલતોમાં આ ગુનાના કામે જયારે પણ મુદ્દામાલ

વાહન મંગાવે ત્યારે રજૂ કરવાનું રહેશે.

(૫) અરજદારે સ્વખર્ચે મુદ્દામાલ વાહનના ચારેય બાજુથી ફોટા પડાવી તે દરેકની એક કોપી ત.ક.અ.શ્રી સમક્ષ રજુ કરવો તથા ત.ક.અ.શ્રીએ ચાર્જશીટ સમયે તે રજુ રાખવા.

(૬) અરજદારે સબંધીત પોલીસ સ્ટેશનમાં જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

(૭) ત.ક.અ.,સબંધીત પોલીસ સ્ટેશનએ આ હુકમની જાણ લાગતી વળગતી આર.ટી.ઓ. કચેરીને તાત્કાલિક કરવી

– હુકમ અંગેની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**તા. ૧૩/૦૩/૨૦૨૬**
**દેવગઢ બારીઆ.**

**(એસ.આર.વકીલ)**
**જ્યુડી. મેજી. ફ. ક.**
**દેવગઢ બારીઆ,દાહોદ.**
**UIC - GJ 01537**